©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

PUBLISHED BY AUTHORITY

VOL. LXVI] THURSDAY, 27th NOVEMBER, 2025/AGRAHAYAN 06, 1947 [Issue No. 48

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation.

PART-I

PART - I	Pages	PART - I - B	Pages
Government Notifications Appointments Promotions, Leave of absence, Rules and orders (Other than those published in Part-I-A, IV-A, IV-B, and IV-C) list of publications for sales etc., Miscellaneous Notifications Appointments etc.,	1047-1058	(Suppliment) Government Notifications Published under Land Acquisition Act only Supplement.	Nil
PART - I - A Order and Notifications (Other than those published in Part-IV-B) under the Gujarat Local Boards, Village Panchayats, Municipals, Boroughs, (Districts) Municipals Primary Education and Local Fund Audits, Acts.,	Nil	**PART - II** Miscellaneous Notices, Advertisments, List of Books Sanctioned by the Director of Education, List of Jurors. Schedule of Estates by the Official Assignee, Summary of Births and Deaths, etc.,	4961-5116
		PART - III Miscellaneous Supplements Season and Crop Reports, Prices, Current Rainfalls Returns, District Local Boards Accounts etc.,	Nil

GOVERNMENT NOTIFICATIONS, ORDERS APPOINTMENTS, ETC.
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION
NOTIFICATION
MISCELLANEOUS NOTIFICATIONS APPOINTMENTS ETC.

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ની પેટા કલમ-૧ મુજબનું

પ્રાથમિક જાહેરનામું

નં. મેજી/પોલ-૧/ભારે વાહનો/પ્રતિબંધ/જાહેરનામું/૧૦/૨૦૨૫.- પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજના તા.૧૯-૧૦-૨૦૨૫ વાળા પત્રની વિગતે ભુજ શહેરમાં હાલે તમામ ભારે વાહનો નળ સર્કલ થઇ આર. ટી.ઓ. સર્કલ થઇને જિલ્લા ઉદ્યોગ સર્કલ થઇને રિલાયન્સ સર્કલ થઇને મુંદરા, નખત્રાણા, માંડવી તરફ જતા હોય છે જેને કારણે આ રૂટ ઉપર અવાર-નવાર ટ્રાફિક સમસ્યા સર્જાતી હોય છે. સદરહુ રસતા/માર્ગ પરથી ભારે વાહનોની અવર-જવર પ્રતિબંધિત કરી, વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા દરખાસ્ત રજુ થયેલ છે જે ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરવો જરૂરી જણાય છે.

જેથી હું આનંદ પટેલ. આઈ.એ.એસ. જીલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩(૧)(બી) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ભુજ શહેરના નળ સર્કલ થઇ આર.ટી.ઓ. સર્કલ થઇને જિલ્લા ઉદ્યોગ સર્કલ થઇને રિલાયન્સ સર્કલ થઇને પ્રિન્સ રેસીડેન્સી ત્રણ રસ્તા સુધીના માર્ગ પર અવર-જવર કરતા ભારે/અતિભારે વાહન વ્યવહાર માટે પ્રવેશબંધી ફરમાવવા તેમજ આ ભારે/અતિભારે વાહનોને નીચે અનુસૂચિમાં જણાવેલ રસ્તા ઉપર ડાયવર્ટ કરી અવર-જવર કરવા માટે હુકમ કરું છું

: અનુસૂચિ :

ઉકત પ્રતિબંધિત કરવા પાત્ર રસ્તો પ્રતિબંધિત થતાં અન્ય વૈકલ્પિક રસ્તાની વિગત :

૧. માંડવી, નખત્રાણા જવા માટે તમામ ભારે વાહનો નળ સર્કલ થઈને ગણેશકાંટા થઈને લખુરાઈ ચાર રસ્તા ઓવરબ્રીજ થઈને નાગોર ફાટક ઓવરબ્રીજ થઈને છત્રીસ ક્વાર્ટસ ચાર રસ્તા થઈને ડી-માર્ટ થઈને કોડકી ચાર રસ્તા થઈને પ્રિન્સ રેસીડેન્સી થઈને મિરજાપર ચોકી થઈને માંડવી, નખત્રાણા તરફ અવર-જવર કરી શકશે.

૨. મુંદરા જવા માટે તમામ ભારે વાહનો નળ સર્કલ થઈને ગણેશકાંટા થઈને લખુરાઈ ચાર રસ્તા ઓવરબ્રીજ થઈને નાગોર ફાટક ઓવરબ્રીજ થઈને ડી-માર્ટ થઈને કોડકી ચાર રસ્તા થઈને પ્રિન્સ રેસીડેન્સી થઈને મિરજાપર ચોકી થઈને નારણપર ગામ થઈને કેરા થઈને મુંદરા તરફ અવર-જવર કરી શકશે.

ઉપરોક્ત હકમ/જાહેરનામામાંથી નીચે જણાવેલ વાહનોને મુક્તિ આપવામાં આવશે.

૧. સરકારી ફરજ પરના વાહનો

૨. સુરક્ષા દળોના ભારે વાહનો

૩. ફાયર ફાઈટર

૪. એસ.ટી. બસો, પ્રવાસી બસો

૫. પોલિસ અધિક્ષકશ્રી, પશ્ચિમ કચ્છ-ભુજ/સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ભુજ અધિકૃત કરે તેવા વાહનો

આ જાહેરનામાની બહોળી પ્રસિદ્ધિ પોલીસ ખાતાએ ઉકત રસ્તાઓ પરના જાહેર સ્થળોએ તમામ લોકોને વ્યવસ્થિત દેખાય અને અને વંચાય એ રીતે ડીસ્પ્લે બોર્ડ રાખી કરવાની રહેશે તેમજ જાહેરનામાંના ચુસ્ત અમલ માટે સબંધિત રસ્તાઓ પર પોલીસ બંદોબસ્ત રખાવી ચુસ્ત અમલ કરાવવાનો રહેશે. આ હુકમ સામે કોઈ શખ્સને વાંધો કે સુચન હોય તો તેઓએ પોતાના વાંધાઓ કે સૂચનો આ પ્રાથમિક જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ (ત્રીસ) દિવસમાં આ કચેરીને મળી જાય તે રીતે મોકલી આપવાના રહેશે. ત્યારબાદ આવેલ વાંધા કે સૂચનો ધ્યાને લેવામાં આવશે નહી અને આખરી જાહેરનામું બહાર પાડવામાં આવશે.

આજરોજ તા. ૧૯-૧૦-૨૦૨૫ ના રોજ મારી સહી કરી તથા કચેરીનો સિક્કો મારી બહાર પાડવામાં આવ્યું.

કચ્છ-ભુજ, ૧૯ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

ગુજરાત પોલિસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) મુજબનું

જાહેરનામું

નાં. મેજી/પોલ-૧/જાહેરનામું/૩૭(૧)/૧૧/૨૦૨૫.-કચ્છ જિલ્લામાં યોજાનાર ધાર્મિક તહેવારો/મેળાઓ તથા ઉત્સવોની ઉજવણી નજરે જીલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ-શાંતિ જળવાઈ રહે તે હેતુથી સાવચેતીના પગલા લેવાનું ઈષ્ટ જણાય છે.

આથી હું, ડી.પી. ચૌહાણ (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે તા. ૦૨-૧૧-૨૦૨૫ થી તા. ૧૬-૧૧-૨૦૨૫ સુધી બન્ને દિવસો સહિત નીચેની અનુસૂચિમાં જણાવેલ વિસ્તારમાં :

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, છરી, બંદુક, લાકડી, લાઠી, હજામનો અસ્ત્રો, ત્રિશુલ, શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈ સાધન સાથે લઈ જવું નહીં.

(ખ) કોઈ ક્ષયકારી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવું નહીં.

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા, એકઠા કરવા તથા તૈયાર કરવા નહીં.

(ઘ) કોઈ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઈ જવી નહી.

(ચ) વ્યક્તિઓ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળાં દેખાડવા નહી.

(છ) લોકોએ બૂમ પાડવાની, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા નહી.

(જ) જો છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કરવાથી અરૂચિ અથવા નિતીનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવા અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવા, દેખાડવા અથવા તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમ નીચેના વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(ક) સરકારી નોકરી પર કામ કરતી વ્યક્તિ એટલે કે તેના ઉપરી અધિકારીએ ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(ખ) અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેની અશક્તિના કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓ.

(ગ) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, પોલીસ અધિકારીશ્રીએ અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ અથવા સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટશ્રીએ અધિકૃત કરેલ તેવી બીજા કોઈ વ્યક્તિઓને.

અનુસૂચિ : ''સમગ્ર કચ્છ જિલ્લાનો વિસ્તાર''

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર (૪) માસની અને વધુમાં વધુ એક (૧) વર્ષની કેદની સજા થશે. આ ઉપરાંત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની સજા થશે.

આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે. આ જાહેરનામાની જાહેરાત પોલીસ ખાતાએ દાંડી પીટાવીને તેમજ જાહેરનામાની નકલો મુખ્ય મથકોએ ચોંટાડીને કરવી.

આજરોજ તા. ૦૧-૧૧-૨૦૨૫ ના રોજ મારી સહી કરી કચેરીનો સિક્કો મારી બહાર પાડ્યો.

કચ્છ-ભુજ, ૦૧ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો

હુકમ

નં. મેજી/પોલ-૧/જાહેરનામું/આવેદનપત્ર/૧૧/૨૦૨૫.-જિલ્લાના જાહેર સ્થળોએ વગર પરવાનગીએ રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતા નાગરિકોને કોઈ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર નીચે જણાવેલ અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારોમાં (જેનો આમા સદરહું વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) કોઈ મંડળી બનાવી રેલી, સરઘસ કે રેલી સ્વરૂપે આવેદનપત્ર આપવા ઉપર મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ, હું ડી.પી. ચૌહાણ, જી.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, આથી સદરહું વિસ્તારમાં આ જાહેરનામા અન્વયે તા. ૦૨-૧૧-૨૦૨૫ થી તા. ૧૬-૧૧-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) સુધીની મુદત માટે સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય, અનધિકૃત/ગેરકાયદેસર રીતે ચાર કરતા વધુ વ્યકિતઓને એકી સાથે ભેગા થવા, કોઈ મંડળી બનાવી રેલી, સરઘસ, દેખાવો કરવા/કાઢવા કે રેલી સ્વરૂપે એકઠા થઈને આવેદનપત્ર આપવા માટે આવવા પર મનાઈ ફરમાવું છું.

: અનુસુચિ :

''જિલ્લા સેવા સદન, ભુજ તથા મધ્યસ્થ સેવા સદન, ભુજ, અંજાર, ભચાઉ, મુન્દ્રા, નખત્રાણા, અબડાસા, જિલ્લાના નલિયા, દયાપર, મુંદરા, માંડવી, ભુજ, નખત્રાણા, અંજાર, ગાંધીધામ, ભચાઉ તથા રાપર તાલુકા સેવા સદન તેમજ પોલીસ મહાનિરક્ષકની કચેરી, ભુજ, પોલીસ અધિક્ષક કચેરી, ભુજ, ગાંધીધામ, નાયબ પોલીસ અધિક્ષકની કચેરીઓ, સી.પી.આઈ. ની કચેરી, દરેક પોલીસ સ્ટેશનો, જાહેર સ્થળો, દરેક સરકારી કચેરીઓની બહાર કે તમામ સરકારી કચેરીઓના પરિસરથી ૧૦૦ મીટરની ત્રિજ્યાનો વિસ્તાર''.

આ જાહેરનામું નીચેની વ્યકિતઓ/બાબતને લાગુ પડશે નહી.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

(૩) લગ્નના વરઘોડા તથા સ્મશાનયાત્રાને.

(૪) અત્રેથી/સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકે પરવાનગીને.

(૫) સરકારશ્રી દ્વારા આયોજિત કાર્યક્રમો કે અભિયાન.

સદરહું જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબની શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આજરોજ તા. ૦૧-૧૧-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કોકરી આપેલ છે.

ભુજ-કચ્છ, ૦૧ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો

હુકમ

નં. મેજી/પોલ-૧/જાહેરનામું/ઉપવાસ/૧૧/૨૦૨૫.-જિલ્લાના જાહેર સ્થળોએ વગર પરવાનગીએ ધરણા રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતા નાગરિકોને કોઈ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે હેતુસર નીચે જણાવેલ અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારોમાં (જેનો આમા સદરહું વિસ્તાર તરીકે ઉલ્લેખ કરેલ છે.) કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, ભુખ, હડતાલ પર બેસવા કે ઉપવાસ ઉપર બેસવા મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે. જેથી હવે, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) થી મને મળેલ સત્તાની રૂએ, હું ડી.પી. ચૌહાણ, જી.એ.એસ. અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, આથી સદરહું વિસ્તારમાં

આ જાહેરનામા અન્વયે તા. ૦૨-૧૧-૨૦૨૫ થી તા. ૧૬-૧૧-૨૦૨૫ (બન્ને દિવસો સહિત) સુધીની મુદત માટે સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવ્યા સિવાય, અનધિકૃત/ગેરકાયદેસર રીતે ચાર કરતા વધુ વ્યકિતઓને એકી સાથે ભેગા થવા, કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, ભુખ હડતાલ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ પર બેસવા માટે મનાઈ ફરમાવું છું.

: અનુસુચિ :

''જિલ્લા સેવા સદન, ભુજ તથા મધ્યસ્થ સેવા સદન, ભુજ, અંજાર, ભચાઉ, મુન્દ્રા, નખત્રાણા, અબડાસા, જિલ્લાના નલિયા, દયાપર, મુંદરા, માંડવી, ભુજ, નખત્રાણા, અંજાર, ગાંધીધામ, ભચાઉ તથા રાપર તાલુકા સેવા સદન તેમજ પોલીસ મહાનિરક્ષકની કચેરી, ભુજ, પોલીસ અધિક્ષક કચેરી, ભુજ, ગાંધીધામ, નાયબ પોલીસ અધિક્ષકની કચેરીઓ, સી.પી.આઈ. ની કચેરી, દરેક પોલીસ સ્ટેશનો, જાહેર સ્થળો, દરેક સરકારી કચેરીઓની બહાર કે તમામ સરકારી કચેરીઓના પરિસરથી ૧૦૦ મીટરની ત્રિજ્યાનો વિસ્તાર''.

આ જાહેરનામું નીચેની વ્યકિતઓ/બાબતને લાગુ પડશે નહી.

(૧) ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તે વ્યકિતઓને.

(૨) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને.

(૩) લગ્નના વરઘોડા તથા સ્મશાનયાત્રાને.

(૪) અત્રેથી/સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકે પરવાનગીને.

(૫) સરકારશ્રી દ્વારા આયોજિત કાર્યક્રમો કે અભિયાન.

સદરહું જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યકિત સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબની શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આજરોજ તા. ૦૧-૧૧-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કોકરી આપેલ છે.

ભુજ-કચ્છ, ૦૧ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલો

હુકમ

નં. મેજી/પોલ-૧/જાહેરનામું/વચેટીયા/૧૧/૨૦૨૫.-જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, કચ્છ ભુજના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવા કે, જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, નગરપાલિકાઓ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય છે. તાજેતરમાં કેટલાક બનાવો પરથી ઉકત તમામ કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે અથવા તો ગેરકાયદેસર પ્રવૃતિ કરી ઉલટી સીધી વાતો કરી જાહેર જનતાને ભોળવીને કે ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી રીતે લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતા અનઅધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઈરાદો રાખતા આવા વ્યકિતને/ઈસમો પ્રવૃતિ કરી રહેલ હોવાનું જણાઈ આવેલ છે.

આથી હું, ડી.પી. ચૌહાણ, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છ-ભુજ, ગુજરાત પોલીસ અધિનિયમ સને-૧૯૫૧ ની કલમ-૨૨માં અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયે અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છુ કે,

જિલ્લા મેજીસ્ટ્રેટ, કચ્છના કાર્યક્ષેત્રમાં આવેલ ઉકત પેરામાં જણાવ્યા પ્રમાણે જિલ્લા કલેકટર કચેરી, જિલ્લા ન્યાયાલયની કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી ભવનમાં આવેલ સરકારી કચેરીઓ, ગાંધીધામ મહાનગરપાલિકા કચેરી, જિલ્લાની તમામ નગરપાલિકા કચેરી, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરીઓ તેમજ જ્યાં રોજે રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી અન્ય તમામ સરકારી જિલ્લાની કચેરીઓમાં પોતાના સરકારી કામ માટે આવેલા હોય અથવા કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળકી, સદરહું કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી રીતે લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતા અન અધિકૃત વચેટીયા તરીકે કામ કરવા ઈરાદો રાખતા આવા વ્યકિતઓ/ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

: અમલવારીનો સમય :

આ જાહેરનામાનો અમલ તા. ૦૨-૧૧-૨૦૨૫ થી તા. ૧૬-૧૧-૨૦૨૫ (બન્ને દિવસો સહીત) સુધીનો રહેશે.

: અમલવારીનો વિસ્તાર :

જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી-કચ્છની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

સદરહું જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબની શિક્ષાને પાત્ર ઠરશે. આ જાહેરનામા હેઠળ તપાસ કરવાનાં, જાહેરનામાનાં પાલન કરાવવાનાં અને તપાસનાં અંતે ચાર્જશીટ રજુ કરવાના અધિકાર જિલ્લાનાં પોલીસ અધિકારીશ્રીઓ તેમજ હેડ કોન્સ્ટેબલ કે તે ઉપરનાં કર્મચારીઓને રહેશે.

આ હુકમનો જાહેર જનતાની જાણ માટે વર્તમાનપત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી દ્વારા તથા વિભાગીય પોલીસ અધિકારીશ્રીઓની કચેરી, પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર, પોલીસ સબ ઈન્સપેકટરશ્રીઓ, જિલ્લાની ગ્રામ પંચાયતો ખાતે જાહેરનામાની નકલ ચોંટાડીને પ્રસિધ્ધી કરવાની રહેશે.

આજ રોજ તા. ૦૧-૧૧-૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

કચ્છ-ભુજ, ૦૧ માહે નવેમ્બર, સને ૨૦૧૫.

ડી. પી. ચૌહાણ
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
કચ્છ-ભુજ.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની
કલમ-૩૭ ની પેટા કલમ-૩ હેઠળનું

જાહેરનામું

નં. એમએજી/સી/૩૭(૩)/E-૨૮૧૦-૧/૨૦૨૫.-ગુજરાતમાં વિવિધ સમાજો, ખેડુતો, વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા અન્ય સંગઠનો દ્વારા વિવિધ માંગણીઓ સબબ આંદોલનો, દેખાવો થવાની સંભાવના રહેલ છે. તે અનુસંધાને અમલમાં રહેલ પ્રતિબંધોને ધ્યાનમાં લઈ પોરબંદરમાં પણ આંદોલનો અને દેખાવો થવાની શકયતાને નકારી શકાય નહી. તેમજ અન્ય મુદ્દાઓ પરત્વે વિવિધ સામાજિક અને અન્ય પ્રકારના જુથો દ્વારા પ્રદર્શન રેલીઓ કાઢવાની ચેષ્ટાઓ થઈ શકે છે અથવા આકસ્મિક કાર્યક્રમો થવાની શકયતાને કારણે જાહેર સુલેહશાંતિ ભંગ થવાની શકયતાને નકારી શકાય નહી. પોરબંદર જિલ્લામાં આકસ્મિક અને સ્વયંભૂ રીતે યોજાતી સભા, સરઘસ, રેલી, ધરણા, ઉપવાસ જેવા કાર્યક્રમો વખતે અગમચેતીના પગલા રૂપે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે અને પોલીસની કામગીરીમાં મદદરૂપ થઈ શકે તે માટે ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૩) મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવા પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર તરફથી તા. ૧૬-૧૦-૨૦૨૫ થી દરખાસ્ત થઈ આવેલ છે. આમ પ્રવર્તમાન સંજોગો ધ્યાને લેતા તેમજ પોલીસ અધિક્ષકશ્રી પોરબંદરની દરખાસ્ત મુજબ આ જિલ્લામાં ઉકત જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે. તેથી ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭ની પેટા કલમ-૩ થી મળેલ અધિકારની રૂએ હું જે. બી. વદર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર આથી સમગ્ર પોરબંદર જિલ્લા વિસ્તારમાં તા. ૨૮-૧૦-૨૦૨૫ થી તા. ૧૦-૧૧૧-૨૦૨૫ સુધી બંને દિવસો સહિતની મુદત માટે આંદોલન, દેખાવ, વિરોધ પ્રદર્શન, રેલી કે સભા, સરઘસ કાઢવા મનાઈ ફરમાવું છું. આ હુકમ નીચેનાને લાગુ પડશે નહિ.

૧. સક્ષમ અધિકારીની કાયદેસર પરવાનગી લઈને કાઢેલા સરઘસ સહિતના કાર્યક્રમો.

૨. ફરજ ઉપર હોય તેવી ગૃહરક્ષક મંડળી.

૩. સરકારની નોકરીએ અવરજવર કરતી હોય તેવી વ્યકિત.

૪. લગ્નનો વરઘોડો.

૫. સરકારશ્રી તરફથી યોજવામાં આવતા કાર્યક્રમો.

આ જાહેરનામા અન્વયે હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજજાના પોરબંદર જિલ્લાના પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમનું પાલન ન કરનાર અથવા તેનું પાલન ન કરવામાં કોઈને મદદ કરનાર ગુન્હો સાબિત થયે સદરહું અધિનિયમની કલમ-૧૩૫ની પેટા કલમ-૩ મુજબ રૂા. ૨૦૦/- સુધીના દંડની શિક્ષાને પાત્ર ઠરશે, તેમજ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ગુન્હો સાબિત થયે તે વ્યકિતને છ માસની સાદી કેદ અથવા રૂા. ૨,૫૦૦/- સુધીના દંડ અથવા બંને શિક્ષા થઈ શકે અને હુકમની અવગણનાથી માનવજીવન અથવા સ્વાસ્થ્ય અથવા સલામતી માટે કોઈપણ ભય ઉત્પન્ન કરે અથવા કોઈ હુલ્લડ કરે કે બખેડો કરે તો તેવી વ્યકિતને એક વર્ષની કેદ અથવા રૂા. ૫,૦૦૦/- (પાંચ હજાર) સુધીના દંડ સહિતની બંને શિક્ષાને પાત્ર ઠરશે.

આજ તા. ૨૮-૧૦-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો લગાવી જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૨૮ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩(૧) બી હેઠળ

જાહેરનામું

નાં. એમએજી/વશી/ફા.પ્રે./જાહેરનામું/E-292149/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક : એલઆઈબી/જા.ના./૧૯૭૩/૨૦૨૫, તા. ૧૮-૧૦-૨૦૨૫ થી પોરબંદર કોસ્ટગાર્ડના ડી.એસ.સી. પ્લાટુનના અધિકારી/કર્મચારીઓને ફાયરીંગ પ્રેકટીસ પોરબંદર તાલુકાના ઓડદર ગામે આવેલ પોલીસ ફાયરીંગ બટના સ્થળે આગામી તા. ૨૮/૨૯-૧૦-૨૦૨૫ ના દિવસ-૦૨(બે) માટે સમય ક. ૦૬.૦૦ થી ક.૧૯.૦૦ દરમ્યાન કરવાની હોવાથી જાહેરનામું બહાર પાડવા દરખાસ્ત અત્રે કરેલ છે. આમ ઉકત દરખાસ્ત ધ્યાને લેતા ફાયરીંગ પ્રેકટીસ સબબ સવાલવાળા સ્થળની આજુ બાજુ અવર-જવર કરનારાઓને કોઈ નુકસાન ન થાય તે હેતુથી જાહેરનામું બહાર પાડવું ઈષ્ટ જણાય છે.

સબબ હું, જે. બી. વદર, જી.એ.એસ., જિલ્લા મેજીસ્ટ્રેટ, પોરબંદર જિલ્લો, પોરબંદર સને-૧૯૫૧ ના ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૩ (૧)બી હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ તા. ૨૮-૧૦-૨૦૨૫ અને તા. ૨૯-૧૦-૨૦૨૫ ના કુલ દિવસ-૦૨ (બે) માટે ૦૬-૦૦ કલાક થી ૧૯-૦૦ કલાક સુધી પોરબંદર તાલુકાના ઓડદર ગામ તરફ રસ્તા નજીક દરિયા કિનારાના ફાયરીંગ બટ વિસ્તારમાં પૂર્વ અને પશ્ચિમ ભાગે-૬૦૦ મીટર, ઉતર અને દક્ષિણ ભાગે-૬૦૦ મીટર અને ત્યાંથી દરીયામાં આજુબાજુના વિસ્તારના રાહદારીઓને તેમજ વાહનો માટે તથા વ્યક્તિગત તેમજ વહાણ/બોટ લઈને જનાર માછીમારોને અવર જવર કરવા ઉપરોક્ત સમય દરમ્યાન પ્રવેશબંધી ફરમાવું છું.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં જણાવેલ શિક્ષાને પાત્ર ઠરે છે.

આ જાહેરનામું આજ રોજ તા. ૨૮-૧૦-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની જાણ તથા અમલ માટે પ્રસિધ્ધ કર્યુ.

પોરબંદર, ૨૮ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયેનું

જાહેરનામું

નં. એમએજી/સી/પરપ્રાંતીય-મજુર-નોંધણી/૨૮૧૦-૨/૨૦૨૫.-પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદરના પત્ર ક્રમાંક નં. LIB/જા.ના./પરપ્રાંતીય-મજુર-નોંધણી-૧૯૮૭/૨૦૨૫, તા. ૨૬-૧૦-૨૦૨૫ ના પત્રથી વર્તમાન સમયમાં બહોળા પ્રમાણમાં પરપ્રાંતીય મજુરો (ખેત મજુર, રસોઈયા, વેઈટર, ખાણ કામદાર અને અન્ય મજુરો) મજુરી અર્થે આવી જિલ્લામાં કામ આપનાર ખેડુત, કંપની, કોન્ટ્રાકટર્સ, કેટરર્સ, હોટલ-ગેસ્ટ હાઉસ સંચાલક/માલિક, ખાણ માલિક/લીઝ હોલ્ડર્સને ત્યાં વસવાટ કરતા હોય છે. નજીકના ભુતકાળમાં જિલ્લામાં બનેલ લુંટ, ખુન તેમજ મિલકત સંબંધિત ગુન્હાઓમાં આરોપી તરીકે પરપ્રાંતીય મજુરોની સંડોવણી ખુલવા પામેલ છે. તેમજ વાર-તહેવારે વતનમાં જતી વખતે આવા ઈસમો અત્રેના વિસ્તારમાં મિલકત સંબંધિત ગુન્હાને અંજામ આપી તેમના વતન તરફ નાસી જતા હોય છે. તે જ પ્રમાણે પોતાના વતનમાં ગુન્હા કરીને નાસી આવી અત્રેના જિલ્લા ખાતે મજુર તરીકે કામના બહાને રહેતા હોય છે. આવા ગુન્હાહીત માનસવાળા ગુન્હેગારોને જરૂર પડયે સહેલાઈથી હસ્તગત કરી શકાય અથવા તેમના સુધી પહોંચવામાં સરળતા રહે તે હેતુસર જિલ્લામાં રહેતા પરપ્રાંતીય મજુરોની નોંધણી તેમના વિસ્તારમાં લગતા પોલીસ સ્ટેશનમાં કરાવવામાં આવે તે ખાસ જરૂરી છે. હાલના પ્રવર્તમાન પરિસ્થિતિને ધ્યાને લેતા દેશના અન્ય રાજ્યોમાંથી પોરબંદર જિલ્લામાં મજુરી અર્થે આવેલ પરપ્રાંતીય મુજરોની સંખ્યા અને તેમના વતન સંબંધિત માહિતી મેળવવી અને જાળવણી ખુબ જ જરૂરી હોવાથી ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કરવા દરખાસ્ત થઈ આવેલ છે. ઉકત દરખાસ્તની ચકાસણી કરતા આવા ગુન્હાઓ થતા અટકાવવા અને આરોપીઓને શોધી કાઢવા માટે દરખાસ્ત મુજબનું જાહેરનામું બહાર પાડવું અમોને ઈષ્ટ જણાય છે.

સબબ, હું જે. બી. વદર, જી.એ.એસ., અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, પોરબંદર જિલ્લો, પોરબંદર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ તળે મને મળેલ સત્તાની રૂએ પોરબંદર જિલ્લાના તમામ ખેડુત, કંપની, કોન્ટ્રાકટર્સ, કેટરર્સ, હોટલ-ગેસ્ટ હાઉસ સંચાલક/માલિક, ખાણ માલિક/લીઝ હોલ્ડર્સ તથા અન્ય ઉદ્યોગ વેપાર-ધંધા સાથે સંકળાયેલ માલિકોએ તેઓના યુનિટમાં કામ કરતા કર્મચારીઓ, કારીગરો, મજુરો કે ભાગીયા હાલમાં કામ ઉપર છે તેવા કાયમી, હંગામી, રોજીંદા કે કોન્ટ્રાકટ પર રાખેલ પરપ્રાંતીય મુજરો (ખેત મજુર, રસોઈયા, વેઈટર, ખાણ કામદાર અને અન્ય મજુરો) ની હકીકત દસ્તાવેજી પુરાવા સાથે નીચે મુજબની વિગતોનું રજીસ્ટર નિભાવવા અને તેની અમલવારી કરવા તથા તે અંગેની માહિતી આ જાહેરનામાંની તારીખથી દિવસ-૧૫ માં સંબંધિત પોલીસ સ્ટેશનને મોકલવા હુકમ ફરમાવું છું.

ક્રમ	પરપ્રાંતીય મજુરોને કામે રાખનાર ખેડુત/કંપની/કોન્ટ્રાકટર્સ/કેટરર્સ/હોટલ-ગેસ્ટ હાઉસ સંચાલક/માલિક, ખાણ માલિક/લીઝ હોલ્ડર્સની વિગત (નામ, સરનામું, મો.નં. તથા ઓળખના પુરાવા)	પરપ્રાંતીય મજુરનું પુરૂં નામ, સરનામું, મો.નં. અને ઓળખના પુરાવા સહિતની વિગત	પરપ્રાંતીય મજુરોના પરીવારના સભ્યોની વિગત (નામ, સરનામું, મો.નં. ઉ.વ. અને ઓળખના પુરાવા)	કોઈ મારફત આવી વ્યકિતને કામા રાખેલ હોય તો તેવા મધ્યસ્થીનું નામ, સરનામું, મો.નં.	અગાઉ જે કોઈ જગ્યાએ કામ કરેલ હોય તો તેના માલિકનું નામ, સરનામું, મો.નં. અથવા તેના ગામના સરપંચનું નામ, સરનામું, મો.નં.	સ્થાનિકમાં આવી રીતે કામે રાખેલ પરપ્રાંતીય મજુરના ઓળખીતા રહેતા હોય તો તેના નામ, સરનામા, મો.નં.	મજુરી કામે રાખેલ વ્યકિતના વતનનું પુરૂ સરનામું, પોલીસ સ્ટેશન તથા વતનમાં રહેતા માતા-પિતા, ભાઈ-બહેનની વિગત નામ, સરનામાં, મો.નં.	પરણિત હોય તો પત્નિ/પતિ તથા સાસુ-સસરાનું નામ, સરનામા, મો.નં.	કામે રાખેલ વ્યકિતની ઉંચાઈ, દેખાવનું વર્ણન, અભ્યાસ તથા ઓળખી શકાય તેવી શારીરિક કોઈ નિશાની પેકી શકય હોય તેટલી વિગતો	કયા પ્રકારના કામ માટે રાખવામાં આવેલ છે તેની વિગત	કઈ તારીખ કામે રાખવામાં આવેલ છે?	છુંટા કર્યાની તારીખ (જો પરપ્રાંતીય મજુરોને છુટા કરવામાં આવે તો સંબંધિત પોલીસ સ્ટેશનને તાત્કાલિક જાણ કરવાની રહેશે.)
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩

- ઉપરોકત કોલમ વાઈઝ રજીસ્ટરો પોતાને ત્યાં કામે રાખવામાં આવેલ તમામ પરપ્રાંતીય મજુર (ખેત મજુર, રસોઈયા, વેઈટર, ખાણ કામદાર અને અન્ય મજુરો) ની નોંધણી અગાઉ કરાવેલ હોય તેમ છતાં હાલની પરિસ્થિતિને ધ્યાને લઈ ફરીથી ઉપર મુજબની માહિતી સાથે જાહેરનામું પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ સુધીમાં કરાવવાની જવાબદારી તેમને કામે રાખનાર-ખેડુત, કંપની, કોન્ટ્રાકટર્સ, કેટરર્સ, હોટલ-ગેસ્ટ હાઉસ-સંચાલક/માલિક, ખાણ માલિક/લીઝ હોલ્ડર્સ વિગેરેની રહેશે.
- આગામી સમયમાં આવા પરપ્રાંતીય મજુરો આવ્યેથી તેઓને કામા રાખનાર-ખેડુત, કંપની, કોન્ટ્રાકટર્સ, કેટરર્સ, હોટલ-ગેસ્ટ હાઉસ સંચાલક/માલિક, ખાણ માલિક/લીઝ હોલ્ડર્સ તથા અન્ય ધંધા સાથે સંકળાયેલા માલિકે ઉપર દર્શાવ્યા મુજબની માહિતી દિન-૦૭ સુધીમાં ફરજીયાત સબંધિત પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

આ જાહેરનામું તા. ૩૧-૧૦-૨૦૨૫ થી તા. ૨૯-૧૨-૨૦૨૫ (આ જાહેરનામું બીજો હુકમ થતાં) સુધી અમલમાં રહેશે.

હું એવો આદેશ કરૂ છું કે, પોલીસ અધિક્ષકશ્રી, પોરબંદર દ્વારા આ હુકમ પોરબંદર જિલ્લામાં બહોળી પ્રસિધ્ધી અર્થે સમગ્ર જિલ્લામાં જાહેર જનતા જોઈ શકે તેવા વિસ્તારમાં સહેલાઈથી દેખાઈ આવેલ તેવા સ્થળોએ તેની નકલ ચોટાડીને અને સદરહું વિસ્તારમાં ઢંઢેરો પીટાવીને અથવા લાઉડ સ્પીકર મારફતે અથવા સ્થાનિક કેબલ ઓપરેટરો મારફત તેનું પ્રસારણ કરીને પ્રસિધ્ધ કરવાનું રહેશે.

આ જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ માં જણાવ્યા મુજબ સજાને પાત્ર થશે.

આ જાહેરનામા અન્વયે પોરબદર જિલ્લામાં ફરજ બજાવતા પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરના દરજજા પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિતઓ વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ અન્વયે ફરીયાદ માડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા. ૨૮-૧૦-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો મારી પ્રસિધ્ધ કરવામાં આવ્યું.

પોરબંદર, ૨૮ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

જે. બી. વદર
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
પોરબંદર.

જાહેરનામુ

નં. ડીએમ/વશી/૨૨૫૯/૨૦૨૫.-નામ. ગુજરાત હાઈકોર્ટ સમક્ષની રીટ પીટીશન (PIL) નં. ૨૫૩/૨૦૧૬ કેસમાં નામ. કોર્ટના તા.૧૩-૦૧-૨૦૧૭ ના આદેશ અનુસાર પતંગ ઉડાડવા/ચગાવવાના હેતુથી ચાયનીઝ તુક્કલ/ લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયનોલ થ્રેડ દોરી (જેને હવે પછી ''પ્રતિબંધિત સાધનસામગ્રી'' તરીકે દર્શાવેલ છે)નું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ પર પ્રતિબંધ મુકવામાં આવેલ છે. તહેવારો દરમિયાન તેની ખાસ અમલવારી બાબતે સૂચનાનું ચુસ્તપણે પાલન કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા જણાવેલ છે. વધુમાં ગૃહ વિભાગના તા. ૧૭-૦૯-૨૦૨૫ ના પરિપત્ર નં. HD/MIS/e-file/8/2025/778/SB2 થી આ કામે જાહેરનામું બહાર પાડવા સૂચના થયેલ છે. જેથી ઉતરાયણના તહેવાર દરમિયાન વપરાતા ચાયનીઝ તુકકલ/ લેન્ટર્ન, ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયનોલ થ્રેડ દોરી જેવી ''પ્રતિબંધિત સાધનસામગ્રી'' નું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ કરવા માટે પ્રતિબંધિત જાહેરનામું બહાર પાડવું આવશ્યક જણાય છે.

ઉકત જણાવેલ તમામ વિગતો મુજબ આથી હું, પી. એલ. ઝણકાત (G.A.S.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બોટાદ જિલ્લો, બોટાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે, સમગ્ર બોટાદ જિલ્લામાં ચાયનીઝ તુક્કલ/ લેન્ટર્ન તથા ચાયનીઝ માંઝા, ગ્લાસ કોટેડ દોરી થ્રેડ, સિન્થેટીક કોટીંગ સાથેની પ્લાસ્ટિક દોરી, નાયનોલ થ્રેડ દોરી (જેને હવે પછી ''પ્રતિબંધિત સાધનસામગ્રી'' તરીકે દર્શાવેલ છે)નું ઉત્પાદન, વેચાણ, સંગ્રહ અને ઉપયોગ પર હંગામી પ્રતિબંધ મૂકું છું.

સદરહુ હુકમ તા. ૦૬-૧૧-૨૦૨૫ થી તા. ૧૬-૦૧-૨૦૨૬ સુધી (બન્ને દીવસો સુધ્ધા) અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૨૩૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની મકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી ફરમાવું છું.

આજ તારીખ : ૦૬-૧૧-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સીક્કો કરી જાહેરનામું બહાર પડેલ છે.

બોટાદ, ૬ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

જાહેરનામુ

નં. ડી.એમ./વશી/૨૨૩૮/૨૦૨૫.-બોટાદ જિલ્લામાં વિવિધ ઔદ્યોગિક એકમોમાં રોજગારી અર્થે મજુરો/કારીગરો/કર્મચારીઓ/દેશ/ રાજ્ય/જિલ્લા બહારથી મોટી સંખ્યામાં રોજગારી અર્થે ઘરઘાટી, ચોકીદાર, કારખાનામાં, મકાન બાંધકામમાં, પોલ્ટ્રી ફાર્મ ઉદ્યોગમાં, હીરા ઉદ્યોગમાં, ફેકટરીઓમાં અને ખેતીના તેમજ વેપાર-ધંધામાં મજુર તરીકે જિલ્લામાં આવે છે. જેમાં અમુક ગુન્હાહિત ઈતિહાસ ધરાવતા તથા ગુન્હાહિત માનસ ધરાવતા ઈસમો હોય તેવી સંભાવના નકારી શકાય તેમ નથી. અમુક કિસ્સાઓમાં તેમના વતનમાં કે અન્ય શહેરમાં ગંભીર ગુન્હાઓ આચરી અન્ય જિલ્લામાં આશરો લેતા હોય અને આવા મજુરોના ટુકા નામ સિવાય માલિક પાસે વિશેષ કોઈ માહિતી હોતી નથી જેથી આવા સંજોગોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા અને ભવિષ્યમાં કોઈ હુન્હેગાર ગુન્હો કરી નાસી જાય તેવા સંજોગો માટે વ્યકિતની ચોકકસ ઓળખ પ્રસ્થાપિત થવી આવશ્યક જણાય છે. ઉપરાંત પ્રવર્તમાન સંજોગોને ધ્યાને લેતા દેશની આંતરીક સુરક્ષા માટે પણ આ બાબત યોગ્ય અને ઈચ્છનીય નથી.

જેથી તે માટે જાહેર હિતમાં હું પી. એલ. ઝણકાત (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂએ ફરમાવું છું કે,

(૧) કોઈપણ સંસ્થા/એકમ તરફથી શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનાર તમામનાં નામ, સરનામા/સંપર્ક નંબર સાથેનું સુવાચ્ય રજીસ્ટર તથા રજીસ્ટરમાં પુરૂષ શ્રમિકો/કામદારો/રોજગારી મેળવાનારનો ડાબા હાથનો અંગુઠો અને સ્ત્રી શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનારનો જમણા હાથના અંગુઠાના નિશાન સાથેનું રજીસ્ટર રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમે નિયમીતપણે નિભાવવાનું રહેશે.

(૨) દરેક શ્રમિકો/કામદારો/રોજગારી મેળવાનારની સંપૂર્ણ ઓળખ, નામ, સરનામુ, ટેલીફોન/મોબાઈલ નંબરની સંપૂર્ણ સુવાચ્ય વિગતો પણ રજીસ્ટરમાં નોંધવાની જવાબદારી જે તે રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમના માલીકોએ નિયમિતપણે નિભાવવાની રહેશે.

(૩) દરેક શ્રમિકો/કામદારો/રોજગારી મેળવાનારના ઓળખકાર્ડ (ચૂંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ) વિગેરેની ફોટો કોપી જે તે સંસ્થા એકમ ખાતે સુરક્ષિત રાખવાની રહેશે.

(૪) દરેક શ્રમિકો/કામદારો/રોજગારી મેળવાનારના રજીસ્ટર વ્યવસ્થિત બનાવી, તમામની ફોટો ઓળખકાર્ડ (ચૂંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ) સહિતની યાદી રોજગારી આપનાર કોઈપણ સંસ્થા/એકમે સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે અચુક આપવાની રહેશે.

(૫) કામે રાખેલ શ્રમિકો/કામદારો/રોજગારી મેળવનાર પૈકી છુટા થાય તો તેની વિગત તથા નવા ઉમેરાયેલા નામોની યાદી ફોટો ઓળખકાર્ડ (ચૂંટણીકાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ) સહિત તુરંત જ મદદનીશ શ્રમ આયુકતશ્રી, બોટાદને તથા જે તે વિસ્તારના નજીકના પોલીસ સ્ટેશનને પુરી પાડવાની રહેશે.

(૬) કોઈપણ લેબર કોન્ટ્રાકટરો નોંધણી કરાવ્યા સિવાય ઔદ્યોગિક એકમોને શ્રમિકો/કામદારો/રોજગારી પુરા પાડી શકશે નહી. તેવી જ રીતે ઔદ્યોગિક એકમ પણ નોંધણી સિવાયના લેબર કોન્ટ્રાકટરોથી શ્રમિકો/કામદારો/રોજગારી મેળવી શકશે નહી.

(૭) બહારના રાજય/દેશમાંથી રોજગારી અર્થે આવતા શ્રમિકો/કામદારો રોજગારી મેળવનારની નાગરિકતા અંગેની ચકાસણી કરીને તે અંગેના જરૂરી તમામ આધારા પુરાવા/દસ્તાવેજ/આઈ.ડી. પ્રુફ રોજગારી આપનારે ફરજીયાત પણે રજીસ્ટર બનાવી તેમાં સુવાચ્છ અક્ષરે નોંધ કરી નિયમિતપણે નીભાવવાનું રહેશે.

- આ હુકમ તા. ૧૦-૧૧-૨૦૨૫ થી તા. ૦૮-૦૧-૨૦૨૬ સુધી (બંન્ને દિવસો સહિત) અમલમાં રહેશે.
- આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર બનશે.
- આ હુકમ અન્વયે બોટાદ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ કે તેનાથી ઉપરનો હોદો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોઈ, આથી એક તરફી હુકમ કરૂં છું. જાહેર જનતાની જાણ સારૂં સ્થાનિક વર્તમાનપત્રો તથા જિલ્લાના તમામ સિનેમા ગૃહો, વિડીયો ગૃહો તથા કેબલ ઓપરેટરો મારફતે બહોળી પ્રસિધ્ધિ દ્વારા તથા જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનો/પોલીસ ચોકીઓ, તમામ મામલતદાર કચેરીઓ તથા પોલીસ અધિક્ષકશ્રી, બોટાદની કચેરીના નોટીસ બોર્ડ ઉપર આ હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીશ્રીએ આ હુકમની જાહેર જનતા સહેલાઈથી વાંચી શકે તે રીતે યોગ્ય સાઈઝના બોર્ડ બનાવી, તેઓના કાર્યક્ષેત્રમાં આવેલ જાહેર સ્થળોએ મુકવાના રહેશે. આ હુકમની સરકારશ્રીના અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધિ કરવી.

આજ તારીખ : ૦૬-૧૧-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેરનામું પ્રસિધ્ધ કર્યુ.

બોટાદ, ૬ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયે કાઢેલો હુકમ

જાહેરનામુ

નં. ડીએમ/વશી/૨૨૫૮/૨૦૨૫.-બોટાદ જિલ્લામાં ચાલુ માસ નવેમ્બર-૨૦૨૫ તથા આગામી ડીસેમ્બર-૨૦૨૫ ના માસ દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા સુલેહ-શાંતિ જાળવવા, આ માસ દરમ્યાન નીચેની વિગતે પ્રતિબંધ ફરમાવતુ જાહેરનામુ પ્રસિધ્ધ કરવાની જરૂરીયાત જણાય છે. કોઈ વ્યકિત કે વ્યકિતનાં સમુહ દ્વારા જાહેરમાં તીક્ષ્ણ હથીયારો જેવા કે, છરી, કુહાડી, ધારીયા, તલવાર, ગુપ્તી, લાકડીઓ, લોખંડના પાઈપ, ભાલા તથા દંડા, બંદુક, લાઠી અથવા શારીરિક હિંસામાં ઉપયોગી થઈ શકે તેવા પ્રાણઘાતક હથીયારો લઈને હરે ફરે નહી, તે માટે પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂ બહાર પાડવું જરૂરી જણાય છે.

સબબ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, પી. એલ. ઝણકાત, (જી.એ.એસ.), અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, બોટાદ આથી જાહેર શાંતી અને સલામતી જાળવવા સારૂં ફરમાવું છું કે કોઈએ નીચેની અનુસુચિમાં દર્શાવેલ વિસ્તારમાં

તા. ૦૯-૧૧-૨૦૨૫ થી તા. ૦૮-૧૨-૨૦૨૫ સુધી (બન્ને દિવસો સુધ્ધા)

(ક) કોઈ વ્યકિત કે વ્યકિતનાં સમુહ દ્વારા શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, બંદુક, ચપ્પુ, લાકડી, અથવા લાઠી અથવા શારીરિક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી કોઈ ચીજો લઈ જવાની.

(ખ) કોઈપણ ક્ષયધર્મી અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની

(ગ) પથ્થરો અથવા બીજા શસ્ત્રો ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની

૧(ગગ) કોઈ સરઘસમાં જલી અથવા પેટાવેલી મશાલ લઈ જવાની

(ઘ) વ્યકિતઓ અથવા તેના શબ અથવા આકૃતીઓ અથવા પુતળા દેખાડવાની

(ચ) લોકોએ ભુમ પાડવાની ગીતો ગાવાની તથા વાદ્ય વગાડવાની

આ હુકમનો ખંડ (ક)-(ખ)-(ગ)-(ઘ) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરી કે કામ કરતી કોઈ વ્યકિતને જો ત્યાંના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈપણ હથીયાર લઈ જવાની તેની ફરજ હોય.

(૨) પોલીસ અધિક્ષક અથવા તેણે અધિકૃત કરેલ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશકિતને કારણે લાકડી અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતને.

(૩) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ આ અર્થે ખાસ અધિકૃત કરે તેવી બીજી કોઈ વ્યકિતને.

(૪) કાયદેસરના હથીયાર પરવાના ધરાવનાર વ્યકિતને.

અનુસુચિ :

બોટાદ જિલ્લાનો સમગ્ર વિસ્તાર.

આ જાહેરનામાનો કોઈ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર મહિનાની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજા થશે.

જાહેરનામાનો અમલ અને તેના ભંગ બદલના પગલા લેવા માટે ફરજ પરના કોઈપણ હેડકોન્સ્ટેબલને તથા તેનાથી ઉપરી અધિકારીને અધિકાર રહેશે.

આ હુકમ ઉપર નિર્દિષ્ટ કરેલા વિસ્તારમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોંટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તારીખ : ૦૬-૧૧-૨૦૨૫ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરીને હુકમ પ્રસિધ્ધ કર્યો.

બોટાદ, ૦૬ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

જાહેરનામું

નં. ડીએમ/વશી/૨૨૫૩/૨૦૨૫.-બોટાદ શહેરમાં આવેલ સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી (એ.આર.ટી.ઓ) માં દરરોજ મોટા પ્રમાણમાં નાગરિકો અલગ અલગ સરકારી કામ અર્થે જેવા કે લાયસન્સ સંબધિત વાહન નોંધણી વાહન તબદીલી નોંધણી બાદની કાર્યવાહીઓ ટેકસ ભરવાની કાર્યવાહી પરમીટ સંબંધિત કાર્યવાહી માટે આવતા હોય છે. તો આવી પરિસ્થિતિમાં બિન અધિકૃત વ્યકિતઓનો કચેરીમાં પ્રવેશ અટકાવવા માટે જાહેર જનતાના હિતમાં અનઅધિકૃત ઈસમોના એ.આર.ટી.ઓ. કચેરીમાં પ્રવેશતા અટકાવવા માટે જાહેરનામું બહાર પાડવા સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીશ્રી બોટાદના પત્ર નં. શાસન/જાહેરનામું/એઆરટીઓ/બોટાદ/ઓન/૧૨૧૭ તા. ૦૪-૧૧-૨૦૨૫ થી દરખાસ્ત રજૂ થયેલ છે. જે દરખાસ્ત મુજબનું જાહેરનામું પ્રસિધ્ધ કરવું યોગ્ય જણાય છે.

આથી હું પી. એલ. ઝણકાત (જી.એ.એસ.) અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બોટાદ જિલ્લો, બોટાદ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂઈએ આથી હુકમ કરું છું કે બોટાદ શહેરમાં આવેલ સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર કચેરી (એ.આર.ટી.ઓ.)માં પોતાના સરકારી કામ માટે આવેલા હોય અથવા કામ કરતા હોય તેવા અથવા વાજબી કામ સબબ આવેલા હોય તે સિવાયના અનધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા અરજદારને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

''જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ ફોજદારી પગલાં લેવા હેડકોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રી તથા સહાયક પ્રાદેશિક વાહનવ્યવહાર અધિકારીશ્રીને અધિકૃત કરવામાં આવે છે.''

આ જાહેરનામું જાહેર વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી રીતે તેની નકલ ચોટાડીને તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધી આપીને પ્રસિધ્ધ કરવાનું આથી હું ફરમાવું છું.

આજ તા. ૦૬-૧૧-૨૦૨૫ ના રોજ મારી સહી તથા કચેરીનો સિકકો કરી જાહેરનામું બહાર પાડેલ છે.

બોટાદ, ૦૬ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

પી. એલ. ઝણકાત
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
બોટાદ

સુપ્રિન્ટેન્ડન્ટ લેન્ડ રેકર્ડઝ અધિકારી દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૩૨૦૧/૧૬૦૫/હ, તા. ૨૪-૦૧-૨૦૨૨ તથા તા. ૧૦-૦૮-૨૦૨૨

(૨) સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામક, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : એસ.વી.-૫/સ્વામિત્વ/ચુના માર્કિંગ/ગાઈડ લાઈન/૨૦૨૨, તા. ૨૮-૦૧-૨૦૨૨.

(૩) ડી.ઈ.લે.રે.શ્રી, સુરેન્દ્રનગરના પત્ર નં. ડી.આઈ.એલ.આર./સ્વામિત્વ/એલ.આર.સી. ૧૨૬/મુળબાવળા/લીંબડી/૨૦૨૫, તા. ૧૦-૧૦-૨૦૨૫.

(૪) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૨.૨૦૧૫/૧૯૬૪/હ, તા. ૦૮-૦૯-૨૦૧૫

જાહેરનામુ

નં. સિ.સ.-૨/સ્વામિત્વ/વશી- /મુળબાવળા/લીંબડી/કલમ-૧૨૬/૨૦૨૫.-ભારત સરકારના પંચાયતી વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોનું સરવે કરવા સ્વામિત્વ SVAMITVA (Survey of Villages And Mapping with Improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે.

ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ ના ઠરાવથી દરેક જિલ્લાના હેડકવાર્ટર તાલુકાના પરિશિષ્ટ-૧ મુજબ કુલ-૨૨૯૪ ગામોની પસંદગી કરવામાં આવેલ છે. આ ગામોમાં મહેસુલી સરવે દાખલ કરવા જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૯૫ થી ૧૩૧ થી મળેલ સત્તાની રૂએ જમીનના હકકોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસુલનું સરવે દાખલ કરવા મંજુરી મળેલ છે.

સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના વંચાણ-૨ થી સ્વામિત્વ યોજના ચુના માર્કીંગ અને ગ્રાઉન્ડ ટ્રુથીંગની કામગીરી બાબતે માર્ગદર્શક સુચના આધારે મોજેઃ મુળબાવળા તાલુકોઃ લીંબડી જીલ્લોઃ સુરેન્દ્રનગરમાં સીટી સરવે વિસ્તારની હદ નકકી કરવા અંગેની દરખાસ્ત ડી.ઈ.લે.રે.શ્રી, સુરેન્દ્રનગરએ તૈયાર કરી વંચાણ-૩ ના પત્રથી અત્રેને રજુ કરેલ છે. આ દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હકક ચોકસી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬ અન્વયે ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૪ ના ઠરાવથી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે મોજે-મુળબાવળા, તાલુકો-લીંબડી, જિલ્લો-સુરેન્દ્રનગરની આ સાથેના પત્રક-અ (ખેતી)માં (હે. ૦૦ આરે. ૦૦ ચો.મી. ૦૦), પત્રક-બ (બિનખેતી)માં (હે. ૦૦ આરે. ૦૦ ચોમી. ૦૦), પત્રક-ક (સરકારી સર્વે નંબર)માં (હે. ૦૦ આરે. ૦૦ ચોમી. ૦૦) પત્રક-ડ (ગામતળ)માં (હે. ૧૦ આરે. ૫૮ ચો.મી. ૮૯) મળી કુલ ક્ષેત્રફળ હે. ૧૦ આરે. ૫૮ ચો.મી. ૮૯ વિસ્તારની જમીનો તેમા સમાવિષ્ટ રસ્તા/મારગની જમીનોને સિટી સરવે વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૧૦ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૩૨૦૧/૧૬૦૫/હ, તા. ૨૪-૦૧-૨૦૨૨ તથા તા. ૧૦-૦૮-૨૦૨૨

(૨) સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફ્તર નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : એસ.વી.-૫/સ્વામિત્વ/ચુના માર્કિંગ/ગાઈડ લાઈન/૨૦૨૨, તા. ૨૮-૦૧-૨૦૨૨.

(૩) ડી.ઈ.લે.રે.શ્રી, સુરેન્દ્રનગરના પત્ર નં. ડી.આઈ.એલ.આર./સ્વામિત્વ/એલ.આર.સી. ૧૨૬/વ્રજપર/ધ્રાંગધ્રા/૨૦૨૫, તા. ૧૦-૧૦-૨૦૨૫.

(૪) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ/૧૨.૨૦૧૫/૧૯૬૪/હ, તા. ૦૮-૦૯-૨૦૧૫

જાહેરનામુ

નં. સિ.સ.-૨/સ્વામિત્વ/વશી/વ્રજપર/ધ્રાંગધ્રા/કલમ-૧૨૬/૨૦૨૫.- ભારત સરકારના પંચાયતી વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકત ધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોનું સરવે કરવા સ્વામિત્વ SVAMITVA (Survey of Villages And Mapping with Improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે.

ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ ના ઠરાવથી દરેક જિલ્લાના હેડકવાર્ટર તાલુકાના પરિશિષ્ટ-૧ મુજબ કુલ-૨૨૯૪ ગામોની પસંદગી કરવામાં આવેલ છે. આ ગામોમાં મહેસુલી સરવે દાખલ કરવા જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ ની કલમ-૯૫ થી ૧૩૧ થી મળેલ સત્તાની રૂએ જમીનના હકકોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસુલનું સરવે દાખલ કરવા મંજુરી મળેલ છે.

સેટલમેન્ટ કમિશનર અને જમીન દફ્તર નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના વંચાણ-૨ થી સ્વામિત્વ યોજના ચુના માર્કીંગ અને ગ્રાઉન્ડ ટ્રુથીંગની કામગીરી બાબતે માર્ગદર્શક સુચના આધારે મોજે-વ્રજપર, તાલુકો-ધ્રાંગધ્રા, જિલ્લો- સુરેન્દ્રનગરમાં સીટી સરવે વિસ્તારની હદ નકકી કરવા અંગેની દરખાસ્ત ડી.ઈ.લે.રે.શ્રી, સુરેન્દ્રનગરએ તૈયાર કરી વંચાણ-૩ ના પત્રથી અત્રેને રજુ કરેલ છે. આ દરખાસ્ત અન્વયે સદરહું ગામની માપણી તથા હકક ચોકસી કરવાની થાય છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમની કલમ-૧૨૬ અન્વયે ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૪ ના ઠરાવથી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલના પારા-૭ ની વિગતે મોજે-વ્રજપર, તાલુકો-ધ્રાંગધ્રા, જિલ્લો-સુરેન્દ્રનગરની આ સાથેના પત્રક-અ (ખેતી)માં (હે. ૦૦ આરે. ૦૦ ચો.મી. ૦૦), પત્રક-બ (બિનખેતી)માં (હે. ૦૦ આરે. ૦૦ ચોમી. ૦૦), પત્રક-ક (સરકારી સર્વે નંબર)માં (હે. ૦૦ આરે. ૦૦ ચોમી. ૦૦) પત્રક-ડ (ગામતળ)માં (હે. ૪ આરે. ૩ ચો.મી. ૯૮) મળી કુલ ક્ષેત્રફળ હે. ૪ આરે. ૩ ચો.મી. ૯૮ વિસ્તારની જમીનો તેમા સમાવિષ્ટ રસ્તા/મારગની જમીનોને સિટી સરવે વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

સુરેન્દ્રનગર, ૧૦ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

સહી/- અવાચ્ય
સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકડઝ
સુરેન્દ્રનગર

જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ દ્વારા

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ઝ/૭૬/૧૦૩૧/૨૦૨૫.-નોંધણી પત્ર ક્રમાંક-CSPORSEMILK202501864 સને-૨૦૨૫.-આથી જાહેર કરે છે કે, શ્રી નાગકા મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મું. નાગકા, તા. પોરબંદર, જિ. પોરબંદર

ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પોરબંદર, ૨૯ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

નોંધણીનું પ્રમાણપત્ર

ક્રમાંક : નધણ/ઝ/૭૮/૧૦૩૩/૨૦૨૫.-નોંધણી પત્ર ક્રમાંક-CSPORSEMILK202501862 સને-૨૦૨૫.-આથી જાહેર કરે છે કે, શ્રી વચ્છરાજ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. રાજપર, તા. પોરબંદર, જિ. પોરબંદર

ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પોરબંદર, ૨૯ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

ક્રમાંક : નધણ/ઝ/૭૪/૧૦૨૯/૨૦૨૫.-નોંધણી પત્ર ક્રમાંક-CSPORSEMILK202501865 સને-૨૦૨૫.-આથી જાહેર કરે છે કે, શ્રી રાધેકિષ્ના દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., મુ. નટવરનગર, તા. પોરબંદર, જિ. પોરબંદર

ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

પોરબંદર, ૨૯ માહે ઓકટોબર, સને ૨૦૨૫.

એસ. આર. અણિયાળીયા
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ
પોરબંદર.

વંચાણે લીધા :

(૧) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અને કલમ-૧૦૮ ની જોગવાઈઓ.

(૨) ગુજરાત સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગનાં DT : 21-07-2011 ના જાહેરનામા ક્રમાંક : GHKH/51/2005/NSB/12/2002/3011/CH અને DT : 26-08-2011 ના જાહેરનામા ક્રમાંક : GHKH/62/2011/NSB/12/2002/3011/CH.

(૩) અત્રેની કચેરીના આદેશ ક્રમાંક : ફડચ/ગ-૨/૬૭૪ થી ૬૮૯/૨૦૨૫ થી મંડળીને ફડચામાં લઈ જવાનો વચગાળા આદેશ.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/ગ-૨/૮૩૨ થી ૮૫૨/૨૦૨૫.-આથી હું, ડો. બી. એન. પટેલ, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટ, ઉપર વંચાણે લીધેલ-(૨) ના જાહેરનામાથી મળેલ અધિકાર અને સત્તાની રૂએ તેમજ આમુખમાં જણાવેલ વિગતોને ધ્યાને લઈ શ્રી વાસાવડ તાલુકા શાળાના શિક્ષક કર્મચારીઓના ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મું. વાસાવડ, તા. ગોંડલ, જિ. રાજકોટ, નોંધણી નંબર : સે-૨૨૧૦૧ તારીખ : ૧૮-૧૨-૧૯૮૫ ને ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા કરેલ વચગાળાના આદેશને કલમ-૧૦૭(૩) અન્વયે બહાલી આપતો આદેશ કરૂં છું.

તેમજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારીશ્રી તરીકે અત્રેની કચેરીના શ્રી વી. આર. ઉપાધ્યાય, ઓડીટર ગ્રેડ-૧, સ.મં. રાજકોટ

લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, રાજકોટની નિમણુંક કરૂં છું. જે અન્વયે સદરહુ મંડળીનાં ફડચા અધિકારીશ્રીએ મંડળીની ફડચા અંગેની તમામ કામગીરી સમયમર્યાદામાં પુર્ણ કરવાની રહેશે.

રાજકોટ, ૦૩ માહે નવેમ્બર, સને ૨૦૨૫.

ડો. બી. એન. પટેલ
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ
રાજકોટ

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૦૧૧/એન.એસ.બી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ ની જોગવાઈઓ.

(૩) અત્રેની કચેરીના તા. ૧૯-૦૭-૨૦૨૫ ના પત્ર ક્રમાંક : ડીઆરસીએસએમઆરબી/૦૦૪૧/૦૭/૨૦૨૫.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/જ-૧/૧૬૧૧ થી ૧૬૧૫/૨૦૨૫.-શ્રી શકિતગઢ નર્મદા સિચાઈ સહકારી મંડળી લી., મુ. જોગડ, તા. હળવદ, જિ. મોરબી કે જે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેને વંચાણે લીધા ક્રમાંક-૩ના આદેશ થી સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરવામાં આવેલ હતો અને તે આદેસ સામે મંડળીએ કોઈ રજુઆત કરવાની હોય તો આદેશની તારીખ થી માસ-૧ માં યોગ્ય આધાર-પુરાવા સાથે રજુઆત કરવા જણાવેલ પરંતુ આજ દિન સુધી મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. જેથી સદરહું સંચાલકોને મંડળી ચલાવવામાં બીલકુલ રસ ન હોય, તેવુ જણાય છે. માટે ઉપર્યુકત વંચાણે લીધેલ વચગાળાનો આદેશ સહકારી કાયદાની કલમ-૧૦૭(૩) અન્વયે કાયમી કરવામાં આવે છે. તેમજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એ. યુ. ઘોણીયા, સહકારી અધિકારી ગ્રેડ-૨ (હિસાબ) લગત સદર કચેરીની નિમણુંક કાયમી કરવામાં આવે છે.

રાજકોટ, ૧૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૦૧૧/એન.એસ.બી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ ની જોગવાઈઓ.

(૩) અત્રેની કચેરીના તા. ૧૯-૦૭-૨૦૨૫ ના પત્ર ક્રમાંક : ડીઆરસીએસએમઆરબી/૦૦૪૨/૦૭/૨૦૨૫.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/જ-૧/૧૬૦૬ થી ૧૬૧૦/૨૦૨૫.-શ્રી મયાપુર માઈનોર નર્મદા સિચાઈ સહકારી મંડળી લી., મુ. મયાપુર, તા. હળવદ, જિ. મોરબી કે જે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેને વંચાણે લીધા ક્રમાંક-૩ના આદેશ થી સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરવામાં આવેલ હતો અને તે આદેસ સામે મંડળીએ કોઈ રજુઆત કરવાની હોય તો આદેશની તારીખ થી માસ-૧ માં યોગ્ય આધાર-પુરાવા સાથે રજુઆત કરવા જણાવેલ પરંતુ આજ દિન સુધી મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. જેથી સદરહું સંચાલકોને મંડળી ચલાવવામાં બીલકુલ રસ ન હોય, તેવુ જણાય છે. માટે ઉપર્યુકત વંચાણે લીધેલ વચગાળાનો આદેશ સહકારી કાયદાની કલમ-૧૦૭(૩) અન્વયે કાયમી કરવામાં આવે છે. તેમજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી કે. ડી. સોમપુરા, ઓડીટર ગ્રેડ-૧, સ.મં., મોરબી અત્રેની કચેરીની નિમણુંક કાયમી કરવામાં આવે છે.

રાજકોટ, ૧૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

વંચાણે લીધા :

(૧) સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંક : જી.એચ.કે.એચ./૨૦૧૧/એન.એસ.બી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ, તા. ૨૧-૦૭-૨૦૧૧.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૦૭ તથા ૧૦૮ ની જોગવાઈઓ.

(૩) અત્રેની કચેરીના તા. ૧૭-૦૭-૨૦૨૫ ના પત્ર ક્રમાંક : ડીઆરસીએસએમઆરબી/૦૦૩૧/૦૭/૨૦૨૫.

અંતિમ આદેશ

ક્રમાંક : ફડચ/જ-૧/૧૬૦૧ થી ૧૬૦૫/૨૦૨૫.-શ્રી ચીખલી-૧ નર્મદા સિચાઈ સહકારી મંડળી લી., મુ. ચીખલી, તા. માળીયા (મીંયાણા), જિ. મોરબી કે જે સહકારી કાયદા હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેને વંચાણે લીધા ક્રમાંક-૩ના આદેશ થી સહકારી કાયદાની કલમ-૧૦૭ અન્વયે ફડચામાં લઈ જવા વચગાળાનો આદેશ કરવામાં આવેલ હતો અને તે આદેસ સામે મંડળીએ કોઈ રજુઆત કરવાની હોય તો આદેશની તારીખ થી માસ-૧ માં યોગ્ય આધાર-પુરાવા સાથે રજુઆત કરવા જણાવેલ પરંતુ આજ દિન સુધી મંડળી તરફથી કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. જેથી સદરહું સંચાલકોને મંડળી ચલાવવામાં બીલકુલ રસ ન હોય, તેવુ જણાય છે. માટે ઉપર્યુકત વંચાણે લીધેલ વચગાળાનો આદેશ સહકારી કાયદાની કલમ-૧૦૭(૩) અન્વયે કાયમી કરવામાં આવે છે. તેમજ કાયદાની કલમ-૧૦૮(૧) અન્વયે ફડચા અધિકારી તરીકે શ્રી એચ. કે. દોરાલા, સીનીયર કલાર્ક (મહેકમ), લગત સદર કચેરીની નિમણુંક કાયમી કરવામાં આવે છે.

રાજકોટ, ૧૬ માહે સપ્ટેમ્બર, સને ૨૦૨૫.

સહી/- અવાચ્ય
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ,
મોરબી.

મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ), સહકારી મંડળીઓ દ્વારા

વંચાણે લીધા :

(૧) ગુજરાત સરકારશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગરનું તા. ૨૧-૦૭ ૨૦૧૧ નું જાહેરનામું ક્રમાંક : જીએચકેએચ/૫૧/૨૦૧૧/એનેસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/સીએચ તથા તા. ૦૧-૦૧-૨૦૧૬ નું જાહેરનામું ક્રમાંક : જીએચકેએચ/૧/૨૦૧૬/એનસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/સીએચ.

(૨) ગુજરાત સહકારી મંડળીઓના અધિનિમય, ૧૯૬૧ની કલમ-૮૧ની જોગવાઈ.

(૩) અરજદારશ્રી કિશોરભાઈ એચ. ભોજ, પ્રહલાદભાઈ જાદવ તથા અન્ય સભાસદોની તા. ૨૧-૧૧-૨૦૨૪ની અરજી.

(૪) અત્રેની કચેરીનાં તા. ૧૦-૦૨-૨૦૨૫ પત્રથી સોંપવામાં આવેલ તપાસ.

(૫) તપાસ અધિકારીશ્રી, ડી. બી. સોલંકી, સહકારી અધિકારી ગ્રેડ-૧ (ગ્રાહક), સહકારી મંડળીઓ, ભાવનગરનો તા. ૧૨-૦૫-૨૦૨૫ નો તપાસ અહેવાલ.

(૬) વ્યવસ્થાપક કમિટિ સભ્યોનો તા. ૨૦-૦૪-૨૦૨૫નાં પત્રથી રજુ કરેલ અવિશ્વાસની દરખાસ્ત.

(૭) અત્રેની કચેરીનાં તા. ૦૫-૦૬-૨૦૨૫, જા.નં. ADRCSHBVN/0005/06/2025 થી આપવામાં આવેલ કારણદર્શક નોટીસ.

હુકમ

ક્રમાંક : ધરમ/૦૧/હાઉ/૧૯૮/૨૦૨૫.-હું એન. ડી. ચાવડા, મદદનીશ જિલ્લા રજીસ્ટ્રાર (હાઉસીંગ) સહકારી મંડળીઓ, ભાવનગર વંચાણે લીધા ક્રમ-(૧) ની જોગવાઈ તથા વંચાણે લીધા ક્રમ-(૨) નાં જાહેરનામાંથી મળેલ સત્તાની રૂઈએ ૨૪૮૯ પ્રધાનમંત્રી આવાસ યોજના-૧૬ EWS-1 કો-ઓપરેટીવ હાઉસીંગ સર્વિસ સોસાયટી લી., મુ. ફુલસર, તા. જિ. ભાવનગર ને હુકમની તારીખથી છ માસ માટે ગુજરાત સહકારી મંડળી અધિનિયમો ૧૯૬૧ની કલમ ૮૧ મુજબ વહિવટદાર હેઠળ મુકવાનો હુકમ કરૂ છું. અને વહીવટદાર તરીકે શ્રી આર. એમ. ઢુંઢા, મદદનીશ સહકારી અધિકારી લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, ભાવનગરની નિમણૂક કરૂં છું. શ્રી ઢુંઢાએ વહીવટદાર તરીકેનો ચાર્જ તાત્કાલિક સંભાળી લેવાનો રહેશે.

વહીવટદારએ સહકારી કાયદા નિયમો, ઉપનિયમો વખતો-વખતની સુચનાઓને અનુસાર કાર્ય કરવાનું રહેશે. આ સાથે એનેક્ષેરમાં સામેલ વ્યવસ્થાપક કમિટિ સભ્યોને બરતરફ કરેલ હોય, આ વ્યવસ્થાપક કમિટિ સભ્યો બરતરફ કર્યાની તારીખથી છ વર્ષની મુદત સુધી સદરહું મંડળીની વ્યવસ્થાપક કમિટિનાં સભ્ય બનવા માટે પાત્ર થશે નહિ.

ભાવનગર, ૨૮ માહે જુલાઈ, સને ૨૦૨૫.

એન. ડી. ચાવડા
મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર (હાઉસીંગ)
સહકારી મંડળીઓ, ભાવનગર.

Signature Not Verified
Signed by : PATEL JAYESHKUMAR RAGHUNATHBHAI
Manager
Government Press & Stationery, Rajkot
Date : 2025.11.27 12:26:47 IST